॥ सुयं मे आउसं ॥

શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

વિક્રમ સંવત ૨૦૭૫ • વર્ષ : ૩ • અંક : ૧ • જૂન ૨૦૧૯

## જૈનાનંદ પુસ્તકાલય : એક રત્નસંગ્રહ

**મુનિશ્રી વૈરાગ્યરતિવિજય ગણી**

દરિયામાં મોતીની શોધ માટે ડૂબકી લગાવતા અચાનક એક અમૂલ્ય મોતી હાથ લાગી જાય અને જે આનંદની લાગણી થાય તે લાગણી જૈનાનંદ પુસ્તકાલયનો હસ્તપ્રતસંગ્રહ જોતા અનુભવવા મળે.આખા ભારતમાં લગભગ હજાર એક હસ્તપ્રતસંગ્રહો હશે. તેમાં જૈનાનંદ પુસ્તકાલયનો હસ્તપ્રતસંગ્રહ એક વિશેષ સ્થાન ધરાવે છે. આ સંગ્રહની સ્થાપના વિ.સં.૧૯૭૪માં વૈશાખ સુદ દસમના દિવસે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજે કરી છે. તેમના જીવન વૃત્તાંત અનુસાર સાગરજી મહારાજને હસ્તપ્રતોનો સંગ્રહ કરવાનો વ્યસન હતું. ઘણી વગરવી કે વેચાવા આવેલી પ્રતો ખરીદીને તેઓ રાખી લેતા. આ સંગ્રહ મોટો થયા પછી તેને સાચવવા પુસ્તકાલયની જરુર જણાઈ આ માટે તેમણે સુરતના શ્રાવકોને પ્રેરણા કરીને **'જૈનાનંદ પુસ્તકાલયની'** સ્થાપના કરાવી. આ સંગ્રહમાં પ્રાચીન હસ્તપ્રતો ઓછી છે તેમ છતાં તેમાં પુનરાવર્તન પામેલી એટલે કે એકની એક કૃતિની અનેક હસ્તપ્રતો બહુ ઓછી છે. અને મરુગુર્જર કૃતિઓ કરતા સંસ્કૃત-પ્રાકૃત કૃતિઓની હસ્તપ્રતો વધારે છે. તેમાં પણ પ્રચલિત કૃતિઓ કરતા અપ્રચલિત કૃતિઓની હસ્તપ્રતો વધુ છે તેથી જૈન સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યના ઈતિહાસની દૃષ્ટિએ આ સંગ્રહ અતિ મહત્ત્વનો છે.

આ સંગ્રહની સહુથી મોટી વિશેષતા એ છે કે તેમાં ૫૦૦૦ પ્રતોમાંથી લગભગ ૧૧૭૮ પ્રતો શુદ્ધ કરેલી છે. એટલે પાંચમાં ભાગની હસ્તપ્રતો શુદ્ધ કરવામાં આવી છે. લેખન ક્ષેત્રે આ સરેરાશ ઘણી ઉંચી કહેવાય. વિક્રમ સંવત ૧૯૫૧ સુધીની હસ્તપ્રતો પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે સ્વયં સુધારી છે. સુરતમાં હીરાલાલ રસિકલાલ કાપડિયા જેવા પંડિત શ્રાવક રહેતા તેમણે પણ અહીંની હસ્તપ્રતો સુધારી છે.

**જૈનાનંદ પુસ્તકાલયમાં કુલ ૪૬૯૮ હસ્તપ્રતો છે.** તેમાં પ્રતિલેખન વર્ષ અનુસાર હસ્તપ્રતોનું વિભાજન આ પ્રમાણે છે.

ચૌદમી સદી- ૩, પંદરમી સદી- ૨૮, સોળમી સદી-૫૯, સત્તરમી સદી-૧૨૭, અઢારમી સદી- ૧૮૨, ઓગણીસમી સદી- ૩૧૯, વીસમી સદી- ૧૩૦૫, એકવીસમી સદી-૧૧૭ (કુલ-૨૧૪૦)


પ્રતિલેખન વર્ષ વિનાની હસ્તપ્રતો ૨૪૮૯ છે. સંશોધિત હસ્તપ્રતો ૧૧૭૮ છે. સચિત્ર હસ્તપ્રતો ૧૬ છે.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના હાથે લખેલી હસ્તપ્રતો ૯ છે.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે સુધારેલી હસ્તપ્રતો લગભગ ૩૨૦ જેટલી છે. વિ.સં.૧૯૫૧ સુધી સંગ્રહ કરાયેલી હસ્તપ્રતો તેમણે સુધારી હશે તેવું જણાય છે.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે રચેલી કૃતિઓ ૨૨૩ છે. તેમાં મૂલ કૃતિઓ ૨૧૦ છે. ટીકા કૃતિઓ ૧૩ છે.


જૈનાનંદ પુસ્તકાલય સાથે અન્ય પણ એક રોમાંચક ઈતિહાસ સંકળાયેલો છે. આજથી સો વરસ પહેલાં આત્મારામજી મહારાજની પાટે આચાર્યદેવ શ્રી કમલસૂરીશ્વરજી મહારાજ થયા. તેઓ નિઃસ્પૃહશિરોમણી હતા તેમનાં જીવનકાળમાં તેમણે શાસનનાં અનેક કાર્ય કર્યા તેમ છતાં ક્યાંય તેમના નામની તકતી કે ઉલ્લેખ કરાવ્યો નથી. તેમનું સહુથી મોટું પ્રદાન પ્રાચીન શાસ્ત્રોની સુરક્ષા છે. એ જમાનામાં આજના જેવી સુવિધાઓ જરાપણ ન હતી. ફોન અને ફોટા રાજા-મહારાજાઓ અને અંગ્રેજ અમલદારો પાસે જ જોવા મળતા. ઝેરોક્સ, માઈક્રોફિલ્મ, ફોટોકોપી જેવા શબ્દો પણ કોઈએ સાંભળ્યા ન હતા. આ યુગમાં હસ્તપ્રતોની સુરક્ષા કેવી રીતે થતી હશે? હસ્તપ્રતો લખાવવી એ વાત સાંભળવી, બોલવી અને લખવી જેટલી સહેલી લાગે છે હકિકતમાં એટલી જ અઘરી છે.



જૈનાનંદ પુસ્તકાલય

**પહેલા** તો લખવા માટે હસ્તપ્રત જોઈએ તે ક્યાંથી લાવવી? ઘણા ખરા હસ્તપ્રતોના ભંડાર યતિઓના કબજામાં રહેતા. તેઓ સંવેગી સાધુઓને હસ્તપ્રતો આપતા નહીં. કેટલાક સંચાલકો અંગ્રેજો હસ્તપ્રતો લઈ જશે એ બીકથી હસ્તપ્રતો આપતા નહીં. અંગ્રેજોના સમયમાં કેટલીક હસ્તપ્રતો અને હસ્તપ્રતોના ભંડાર સરકારના કબજામાં જતા રહેલા. આ કારણે હસ્તપ્રતો મેળવવી પડકારભર્યું કામ હતું.

**બીજું,** હસ્તપ્રતો મળી જાય તો પણ લખાવવી કેવી રીતે? હસ્તપ્રતોના ભંડાર ગુજરાત, રાજસ્થાન, સિંધ (એ સમયે ભારતના ભાગલા થયા ન હતા.) જેવા દૂરવર્તિ પ્રદેશોમાં ફેલાયેલા હતા. સાધુ ભગવંતોની સંખ્યા ઓછી. તેઓ બધે જઈ શકે નહીં.



આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે પોતાના હાથે લખેલી અને સુધારેલી હસ્તપ્રત

જાય તો પણ લાંબો સમય રહી શકે નહીં. બધા જ સાધુ ભગવંતોને લખવાની ફાવટ પણ ન હોય.

**ત્રીજું,** લખાઈ ગયા પછી પણ એ હસ્તપ્રત શુદ્ધ છે કે નહીં એ પણ જોવું પડે. આચાર્યદેવે તેની પણ વ્યવસ્થા કરી. સં. ૨૦૦૪માં તેનો રીપોર્ટ પણ પ્રગટ કર્યો. તેમાં આ અંગે ઉલ્લેખ છે.

લખાવેલી પ્રતો પૈકી ઘણી પ્રતો મૂળ પ્રતો સાથે મેળવી તપાસવામાં આવી છે. છતાં કેટલીક પ્રતો તપાસવાની બાકી છે. સંશોધક મુનિવર્યોને તે તપાસી આપવાની વિનંતિ કરીએ છીએ અને તપાસાએલી પ્રતોમાં દૃષ્ટિદોષથી ભૂલ રહી ગઈ હોય તો તે સુધારી વાંચવા વિનંતિ છે. અને તે જણાવવા કૃપા કરશોજી જેથી સુધારો કરી શકાય.

**ચોથું,** લખાયેલી હસ્તપ્રતોને સાચવવા માટે ભંડારની વ્યવસ્થા કરવી પડે. તેના સંચાલનની જવાબદારી ગોઠવવી પડે.

**પાંચમું,** આ બધા જ કામ માટે માતબર ફંડ જોઈએ. તે માટે શ્રાવકોને પ્રેરણા કરવી પડે.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી **કમલસૂરીશ્વરજી** મહારાજે આ પાંચે સમસ્યાના ઉકેલ શોધીને જ્ઞાનના વારસાને જીવંત રાખ્યો. તેઓ પ્રૌઢપ્રતાપી હતા. રાજા-મહારાજાઓ તેમના ભક્ત હતા. તેથી તેમનો પ્રભાવ સંઘના અગ્રણીઓ પર પણ સારો હતો. તેમણે આ પ્રભાવનો ઉપયોગ હસ્તપ્રતોની સુરક્ષા માટે કર્યો. રીપોર્ટના આધારે લગભગ સત્તર જેટલા ભંડારોમાંની પ્રત લખવા મળે તેની મંજૂરી મેળવી આપી.

હસ્તપ્રતો લખવા માટે લહિયા તૈયાર કર્યા. તેમને યોગ્ય વેતન મળે તેવી વ્યવસ્થા કરી. સહુથી મહત્ત્વનું તેમણે લખાયેલી હસ્તપ્રતોને શુદ્ધ કરવાની વ્યવસ્થા કરી.

તેમણે લખાયેલી તમામ હસ્તપ્રતોને પોતાની અંગત માલિકીમાં ન રાખી કે ન તેના માટે અલગ જગ્યા ઊભી કરી. તેમણે હસ્તપ્રતો સાચવવાની જવાબદારી સુરત સંઘને સોંપી. તેમણે સંગ્રહ માટે નિયમ બનાવ્યો- આવી લખાયેલી પ્રતોનો સંગ્રહ અત્રેના શ્રી જૈનાનંદ પુસ્તકાલયમાં રહેશે. અને તેની માલિકી સુરતના સંઘની રહેશે.

વિક્રમ સંવત ૧૯૮૧માં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી કમલસૂરીશ્વરજી મહારાજે સુરત ગોપીપુરાના શેઠ નેમચંદ મેલાપચંદની વાડીના ઉપાશ્રયમાં ચોમાસું કર્યું હતું. આ ચોમાસામાં તેમણે પૂર્વનાં લખાયેલાં હસ્તલિખિત પુસ્તકોની સ્થિતિનો વિચાર કરીને તેને ફરી લખાવવાનો ઉપદેશ આપ્યો. આ સમયમાં મુદ્રણ વ્યવસ્થાનો પ્રારંભ થઈ ગયો હતો. ઘણાં પુસ્તકો છપાવા લાગ્યાં હતાં. તેમ છતાં મશીનથી બનેલાં કાગળનું આયુષ્ય ઓછું હોવાથી સુરક્ષાની દૃષ્ટિએ હસ્તપ્રતોની ઉપયોગિતા જણાવાથી તેને ફરી લખાવવાનો ઉપદેશ આપ્યો. સંઘે તેમનો ઉપદેશ ભક્તિપૂર્વક ઝીલીને ઘણું ફંડ એકઠું કર્યું. એ જમાનામાં બાવીસ હજાર પાંચસો રુપિયાનું ફંડ થયું હતું. (સો વરસ પહેલા એક રુપિયાની કિંમત અંદાજે ૪૦૦ રુપિયા હતી. આજના સમય પ્રમાણે ૯૦,૦૦,૦૦૦ રુપિયા થાય) પર્યુષણમાં આચાર્ય શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વર પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોદ્ધાર ફંડ નામની સંસ્થાની સ્થાપના થઈ. તેનો ઉદ્દેશ (મિશન સ્ટેટમેંટ) આ પ્રમાણે છે-

**જે જે જૂની હસ્તલિખિત પ્રતો કે જેની નકલો ઘણી ઓછી હોય અને ન છપાઈ હોય તે તે પ્રતો મેળવીને લહિયાઓ પાસે ઉંચા કાગળ પર લખાવી સંગ્રહ કરવો.**

આ સંસ્થાએ વીસ વરસમાં એક હજાર ત્રણસો હસ્તપ્રતો લખાવી. સં. ૨૦૦૪માં તેનો રીપોર્ટ પણ પ્રગટ કર્યો. તેમાં તેમણે જે ભાવના વ્યક્ત કરી છે તે અદ્ભુત, ઉદાર અને ઉદાત્ત છે.

જૈન જનતામાં અનેક એવા ગવેષકો છે કે જેઓ ગવેષણા કરવાના સાધનોની ખામીને લીધે ગવેષણાનું કાર્ય મુશ્કેલીથી પાર પાડે છે. છતાં એવો પણ પ્રસંગ આવે છે કે સાધનોના અભાવે તે કાર્ય છોડી દેવાની ફરજ આવી પડે છે. તેવા ગવેષણાનાં સાધનોમાં મુખ્યતઃ કોઈ પણ સાધન દુર્લભ હોય તો તે ગવેષણાની અનુકૂલતાવાળાં પુસ્તકોની પ્રાપ્તિ કરવાથી જ કાર્ય કરવામાં મોટી અનુકૂલતા થાય છે. એ જ હેતુથી શ્રી કમલસૂરીશ્વર પુસ્તકોદ્ધાર ફંડનું સૂચિપત્ર પ્રગટ કરવામાં આવે છે. ગવેષકોને આ સૂચિપત્ર યોગ્ય મદદ રૂપ થશે એ જ ભાવના.

આયોજન પ્રમાણે એક વરસમાં પાંસઠ હસ્તપ્રતો લખાતી. એક મહિને લગભગ પાંચથી વધુ હસ્તપ્રતો લખાતી. એક હસ્તપ્રત લખાવવાનો ખર્ચ અંદાજે સત્તર રુપિયા (આજના સમય પ્રમાણે ૬૮૦૦ રુપિયા થાય) આવતો. તેમણે વિક્રમ સંવત ૧૯૭૯માં છાણીમાં હસ્તપ્રતોના ભંડારની સ્થાપના કરી હતી. આ સિવાય પાટણ, ઈડર વગેરે સ્થળે પણ હસ્તપ્રતોના ભંડારની સ્થાપના કરી હતી. તેથી તેમનું નામ તે તે ભંડારો સાથે જોડવામાં આવ્યું છે. જૈનાનંદ પુસ્તકાલયના વ્યવસ્થાપકો આજે પણ જાતદેખરેખ પૂર્વક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી **આગમચંદ્રસાગરસૂરીશ્વરજી** મહારાજનાં માર્ગદર્શન હેઠળ આ પ્રાચીન શ્રુતવારસાનું જતન કરે છે. તે અતિ આવકારદાયક બાબત છે. જેમની પાસે હસ્તપ્રત સંગ્રહ છે તેમને માટે અનુકરણ કરવા યોગ્ય છે. શ્રુતજ્ઞાનનો આ રત્નસંગ્રહ ચિરકાળ સુધી સુરક્ષિત રહે અને પોતાના પ્રકાશથી શ્રુતસંરક્ષક મહાપુરુષોની યશોગાથા ગાતો રહે.

## સમાચાર



તા. ૦૯/૦૫/૨૦૧૯ વૈશાખ સુદ ૫ ના શુભ દિવસે પ.પૂ. આ. શ્રી **વિજયરત્નાકરસૂરીશ્વરજી** મ.સા., પ.પૂ. આ. શ્રી વિજય **રત્નસંચયસૂરીશ્વરજી** મ.સા. અને પ.પૂ. ગણિવર્ય શ્રી **વૈરાગ્યરતિવિજયજી** મ.સા.ની પાવન નિશ્રામાં **તાડપત્રીય** શાસ્ત્રાંકન **પરિયોજના અક્ષરશ્રુતમ્** નો **સંઘાર્પણ સમારોહ** સંપન્ન થયો.



તા. ૧૧/૦૫/૨૦૧૯ ના દિવસે માધવબાગ જૈન દેરાસર, ચંદાવાડી, મુંબઈમાં **પૂ. આ. શ્રી કમલરત્નસૂરીશ્વરજી મ.સા., પૂ.આ. શ્રી. અજિતરત્નસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી યોગતિલકસૂરીશ્વરજી મ.સા., પૂ. આ. શ્રી યુગરત્નસૂરીશ્વરજી મ.સા., પૂ.મુ. શ્રી ગણધરરત્નવિજયજી મ.સા., પૂ.મુ.શ્રી ક્ષેમરત્નવિજયજી મ.સા.** આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં **શ્રુતભવન સંશોધન કેંદ્ર** દ્વારા પ્રકાશિત **કાવ્યાનુશાસન** (ગુજરાતી અનુવાદ - **પૂ.મુ. શ્રી ક્ષેમરત્નવિજયજી મ.સા.**) ગ્રંથનો વિમોચન સમારોહ સંપન્ન થયો.

# પૂજ્ય પિતૃગુરુદેવનું પરમપદ પ્રતિ પ્રસ્થાન



પરમ પૂજ્ય પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજશ્રી **સંવેગરતિવિજયજી** મ.સા. વિ.સં.૨૦૭૫ વૈશાખ વદ-૪ તા. ૨૨-૫-૨૦૧૯ના બુધવારે સવારે ૬-૩૭ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમનો જન્મ વિ. સં. ૨૦૦૨ માગસર સુદ ૬+૭ મંગળવાર તારીખ ૧૧-૧૨-૪૫ ના દિવસે મુંબઈમાં થયો હતો. તેમનું પૂર્વાવસ્થાનું નામ સુરેશ હરિદાસ ભાયાણી હતું અને માતાનું નામ સુશીલાબેન હતું.

વિ. સં. ૨૦૩૨માં પૂનામાં મહારાજના ચાતુર્માસ દરમ્યાન નિરંતર પ્રવચનોના શ્રવણથી સુરેશભાઈએ પૂ. ગુરુદેવશ્રીના વરદ હસ્તે વિ.સં. ૨૦૪૦ના વૈશાખ વદ ૧ના દિવસે પાલીતાણામાં પોતાના બંને સુપુત્રો સાથે પરમ પારમેશ્વરી પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરી હતી. જેઓ અનુક્રમે પૂ. મુનિ શ્રી **સંવેગરતિ** વિ. મ., પૂ. મુ.શ્રી **વૈરાગ્યરતિ** વિ. (હાલ ગણિ) અને પૂ. મુ. શ્રી **પ્રશમરતિ** વિ. મ. સા.નાં નામે પ્રસિદ્ધ થયા.


તેમની પ્રારંભિક ગ્રહણ અને આસેવન શિક્ષા પૂજ્ય આચાર્યદેવશ્રી **ગુણયશસૂરીશ્વરજી** મ.સા. તથા પૂજ્ય આચાર્યદેવશ્રી **કીર્તિયશસૂરીશ્વરજી** મ. સા.ની નિશ્રામાં થઈ. સમુદાયના અનેક આચાર્ય ભગવંતો પાસેથી તેમણે જ્ઞાનાર્જન કર્યું હતું. દીક્ષા સમયથી જ તેમનો સ્વાધ્યાય પ્રેમ અદ્ભુત હતો. છેલ્લા સમય સુધી તેઓ ધર્મરત્ન પ્રકરણની ગાથા કંઠસ્થ કરતા હતા. તેમણે દ્રવ્યગુણપર્યાયનો રાસ સાત વાર વાંચ્યો હતો. સન્મતિતર્ક પ્રકરણની વાદમહાર્ણવ ટીકાના બે ભાગનો હિંદીમાંથી ગુજરાતી અનુવાદ કર્યો હતો. મહારાજજીના ૭૦૦ પ્રવચનો તેમણે સાંભળીને ઉતારેલા અને તેને સારા ટકાઉ કાગળ પર જાતે લખ્યા હતા. આ સિવાય વિવિધ વિષયની વાચનાઓની ૧૫૦ થી વધુ ડાયરીઓ લખી હતી. શ્રુતભવનમાં આવ્યા પછી લેશ્યા વિષયની નોંધ લખતા હતા. આ સિવાય આરંભસિદ્ધિ અને હીરકલશના મુહૂર્તોનો તુલનાત્મક અભ્યાસ કરીને તેની નોંધ પણ તૈયાર કરી હતી.



અમદાવાદમાં તેમની દીર્ઘકાલીન સ્થિરતા દરમ્યાન તેમણે અનેક યુવાઓને માર્ગની સમજ આપીને તૈયાર કર્યા હતા. આ તેમનું સહુથી મોટું પ્રદાન છે. આ યુવાનોએ તેમની ખૂબ સેવા કરી હતી. અનેક મુમુક્ષુઓએ તેમની પ્રેરણાથી દીક્ષાના માર્ગે પ્રયાણ કર્યું હતું.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ચંદ્રગુપ્તસૂરિજી** મહારાજ સાહેબ ઉપર તેમણે વિશેષ આસ્થા હતી. તેમની પાસેથી તેઓ પોતાના પ્રશ્નોનું સમાધાન મેળવતા.

છેલ્લા ચારેક વરસથી પૂજ્ય મુનિરાજશ્રી સંવેગરતિવિજયજી મ.સા.ની તબિયત નરમ જ રહેતી હતી. તેઓ લીવર સોરિયોસીસની બિમારીથી ગ્રસ્ત હતા. છ મહિનાથી લીવરમાં કેન્સરની ગાંઠ પણ થઈ હતી. તાત્કાલિક ઉપચારથી થોડી અનુકૂળતા થતી રહેતી. છેલ્લા ચારેક દિવસથી લીવરની તકલીફ વધી જવાથી પૂના હોસ્પિટલમાં ઉપચાર માટે દાખલ કર્યા હતા. પરંતુ જે બનવાનું હતું તે બનીને રહ્યું. અંતિમ દિવસોમાં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચંદ્રગુપ્તસૂરિજી મહારાજ સાહેબ તેમને સમાધિ પ્રદાન કરવા ૮૦ વરસની ઉંમરે ચાલીને પધાર્યા હતા તેથી પિતૃગુરુદેવને ખૂબ આનંદ થયો હતો. અંતિમ દિને પણ પૂજ્ય આચાર્યભગવંત પધારવાના હતા પરંતુ તેઓ નીકળે તે પૂર્વે જ તેઓ પાંચ મહાવ્રતના પાઠનું શ્રવણ કરતા પરમ સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા.



પૂજ્ય પિતાજી મહારાજની અંતિમસંસ્કાર વિધિ **શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન સંઘ, ટિંબર માર્કેટ** સંઘના ઉપક્રમે થઈ હતી. બપોરે ૨.૦૦થી તેમના દેહને અંતિમ દર્શન માટે નાજુશ્રી સમાજ ભવનમાં પધરાવવામાં આવ્યો હતો. ૩.૦૦ અંતિમસંસ્કાર સંબંધી ઉછામણી થઈ હતી. સમયાનુરૂપ ઉપજ થઈ હતી. ૪.૦૦ વાગે પાલખી નીકળી હતી અને ૫.૦૦ વાગે મુક્તિધામ ધોબીઘાટ પાસે અગ્નિસંસ્કાર થયો હતો. પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ચંદ્રગુપ્તસૂરિજી** મહારાજ સાહેબની નિશ્રામાં દેવવંદન વિધિ થયો હતો. જેમાં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભવ્યરત્નસૂરિજી** મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનરત્નસૂરિજી** મહારાજ સાહેબ, પૂ. પં. શ્રી **હિતરત્નવિજયજી** ગણિવર, તેમ જ પૂ. પં. શ્રી **મુક્તિપ્રિયવિજયજી** ગણિવર, સાધ્વીજી શ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મ. તથા સાધ્વીજી શ્રી **પીયૂષરેખાશ્રીજી** મ.પણ ઉપસ્થિત હતા.

અગ્નિસંસ્કાર વિધિ માટે શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન સંઘ-ટિંબર માર્કેટ, શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન ટેમ્પલ ટ્રસ્ટ - કેંપ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ટેંપલ ટ્રસ્ટ-ભવાની પેઠ તેમજ શ્રી શ્રુતભવન સંશોધન કેંદ્ર - કાત્રજ આદિના વ્યવસ્થાપક વર્ગે પણ અનુમોદનીય વ્યવસ્થા કરી હતી. પૂના હોસ્પિટલના વ્યવસ્થાપકો સુ. **દેવીચંદજી કેસરીમલજી જૈન, સુ. ડાહ્યાભાઈ શાહ,** સુ. **ભબુતમલ જૈન** તથા ડોક્ટરો **ડો. વિનય થોરાત, ડો. અજિત તાંબોળકર, ડો. સંદીપ વાજૂલ, રેખા ધનવાણી, ડો. સંદીપ શાહ,** કાત્રજ આદિએ ખૂબજ સુંદર સહકાર આપ્યો હતો. અઢી વરસની તેમની સારવારનો પૂર્ણ લાભ **'શ્રમણ આરોગ્યમ્'** જિતોએ લીધો હતો. સાધ્વીજી શ્રી **જિનરત્નાશ્રીજી** મ. અહીં હતા ત્યાર સુધી સુંદર ધ્યાન રાખતા હતા. **સુ. ભરતભાઈ, સુ.સચિનભાઈ, સુ. મનોજભાઈ, સુ. આશુતોષભાઈ, સુ. રાજેંદ્રભાઈ, સુ. લલિતભાઈ, સુ. ઓમજી ઓસવાલ, મેનેજર સુ. કીર્તિભાઈ, પ્રદીપ** આદિ શ્રુતભવનના તમામ કાર્યકર્તાઓએ ખૂબ અનુમોદનીય સેવા કરી હતી.

## પદાર્પણ

શ્રુતભવનમાં પૂ. આ. વિજય **કુલચંદ્રસૂરિજી** મ.સા., પૂ. પં. શ્રી **નયપદ્મસાગરજી** મ.સા., શ્રી **પ્રબુદ્ધ મુનિજી**, શ્રી **આશિષ મુનિજી**, પૂ.સા. શ્રી **સુયશપ્રજ્ઞાશ્રીજી** મ.સા. આદિ ઠાણા, પૂ. સા. શ્રી **સૂર્યમાલાશ્રીજી** મ.સા.ની શિષ્યા પૂ. સા. શ્રી **પ્રિયશ્રેયાશ્રીજી** મ.સા., પૂ. સા. ડો. શ્રી **પ્રતિભાશ્રી 'પ્રાચી'**, પૂ. સા. શ્રી **સત્યસાધનાશ્રીજી** મ.સા. આદિ ઠાણા, શ્રી **કૈલાસજી સાલેચા** (અધ્યક્ષ - શ્રી તિલકેશ્વર પાર્શ્વનાથ તિર્થ, ઇંદૌર), શ્રી **સંજય સિંઘલ** (સંસ્થાપક - ધરોહર ડિજિટલ કેટલોગ પ્રોગ્રામ), શ્રી **દિલિપ શાહ**, શ્રી **મનિષજી મોદી**, શ્રી **શાંતિલાલજી ઓસવાલ**, ઍડ. શ્રી **યોગેશજી મેહતા** (Jito Minority Cell, Apex chairman), **આનંદાશ્રમ સંશોધન સંસ્થા**, પૂના દ્વારા આયોજિત હસ્તલિખિત કાર્યશાળાના ૧૬ વિદ્યાર્થી અને પ્રશિક્ષકોનું પદાર્પણ થયું.

## કાર્યવિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પની અંતર્ગત **લોકપ્રકાશ, શ્રેયાંસજિનચરિત, અનેકાર્થધ્વનિમંજરી, વાસવદત્તા અખ્યાચિકા વૃત્તિ, જિનશતક ટીકા, તર્કભાષાચન્દ્રિકા, વનસ્પતિસપ્તતિકા, પ્રાકૃત સુભાષિત સંગ્રહ, ઉપદેશશત**નું સંપાદન કાર્ય ચાલુ છે.

વર્ધમાન જિનરત્નકોશ પ્રકલ્પની અંતર્ગત પૂ. **નીરજમુનિજી**, પૂ. મુનિશ્રી **દેવર્ષિવલ્લભવિજયજી** મ.સા., પૂ. મુનિશ્રી **સુયશચંદ્રવિજયજી** મ.સા., પૂ. આ. શ્રી **રત્નસંચયસૂરીજી** મ.સા., પૂ. સા. શ્રી **કુમુદરેખાશ્રીજી** મ.સા. અને **જિતેંદ્રભાઈ બી. શાહ**ને હસ્તલિખિત પ્રત સંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવ

- ઝેટસ્ કોસ્મેટિક પ્રા. લિ., મુંબઈ.
- શ્રી માણેકચંદ નેમચંદ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ.
- શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, સંગમનેર.
- શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, ઈતવારી, નાગપુર.
- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન ટેંપલ ટ્રસ્ટ, ભવાની પેઠ, પૂના.
- સૌ ઈલાબેન મહેંદ્રભાઈ શાહ, પૂના.
- શ્રી હરેનભાઈ શાહ, પૂના.
- પૂજ્ય સાધ્વી શ્રી ઉદ્યોતદર્શનાશ્રીજી મ.સા. ની પ્રેરણાથી શ્રી મહાવીર જિનાલય, મૈસુર.
- વીરવિભુના ૮૦માં પટ્ટધર ગચ્છા.પૂ.આ.પુણ્યપાલસૂ. મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે સંઘવી વીરચંદ હુકમાજી પરિવાર આયોજિત સામુહિક ચાતુર્માસ પ્રસંગે
- શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, કોલ્હાપૂર.
- શ્રી ગોડીજી મહારાજ જૈન ટેંપલ એંડ ચેરિટીઝ, મુંબઈ.
- મહોદય ધામ સ્મારક ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ.
- શ્રી સાગર જૈન ઉપાશ્રય, પાટણ.
- શા. સંઘવી જિવરાજજી ફતાજી મેડતિયા હસ્તે રતનભાઈ.
- શા. બાબુલાલજી ઉતમચંદજી બોકડીયા હસ્તે પ્રકાશભાઈ
- શા. તેજરાજજી ઉતમચંદજી બોકડીયા હસ્તે મનોજભાઈ
- શા. રમણલાલજી ધર્માજી ઓસવાલ
- શા. સોહનલાલજી તારાચંદજી ઘીવાલા
- શા. ખુમચંદજી લુબચંદજી મેરી
- શા. રૂપાજી નગાજી ઓસવાલ
- શા. ઘનશ્યામજી મણિલાલજી રામસીણા
- શ્રી શંખેશ્વર મહિલા મંડળ, ભવાની પેઠ

## મહારાજ સાહેબ સમાચાર

- તા ૦૨/૦૫/૨૦૧૯ થી ૧૧/૦૫/૨૦૧૯ સુધી પૂજ્ય ગુરુદેવની ઉપસ્થિતિમાં **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન ટેંપલ ટ્રસ્ટ તથા શા. માનાજી કસનાજી ધડા, ભવાની પેઠ, પૂના**માં ભવ્ય દિવ્ય **અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ** સંપન્ન થયો.
- તા. ૧૦-૧૧-૧૨/૦૫/૨૦૧૯ આ દિવસોંમાં પૂજ્ય મુનિશ્રી **પ્રશમરતિવિજયજી** મ.સાની નિશ્રામાં **શ્રી સંભવનાથ જૈન મંદિર ટ્રસ્ટ, નાગપુર** આયોજિત ત્રણ દિવસની જૈન કાર્યશાળા સંપન્ન થઈ. આમાં પૂજ્ય ગુરુદેવે **જૈન ચિત્રકળાનો રોચક ઈતિહાસ, ભારતીય ભાષાઓં પર જૈન દર્શનનો પ્રભાવ** અને **કનસેપ્ટ ઓફ ગોડ ઈન જૈનિઝમ** આ વિષયોં પર વ્યાખ્યાન થયા હતા. તા. ૧૩/૦૫/૨૦૧૯ થી ૧૮/૦૫/૨૦૧૯ સુધી શ્રી **ઉત્તરાધ્યયનસૂત્ર**નો વિશેષ સ્વાધ્યાય સંપન્ન થયો.
- તા. ૧૯/૦૫/૨૦૧૯ ના દિવસે પૂજ્ય પિતૃગુરુદેવ મુનિશ્રી **સંવેગરતિવિજયજી** મ.સા., પૂજ્ય ગુરુદેવ **વૈરાગ્યરતિવિજયજી** ગણિવર અને પૂજ્ય ગુરુદેવ મુનિશ્રી **પ્રશમરતિવિજયજી** મ.સા. ની ૩૬મી દીક્ષા તિથિનો સમારોહ સંપન્ન થયો.
- તા. ૨૩/૦૫/૨૦૧૯ ના દિવસે વાપીમાં પૂજ્ય સા. શ્રી **જિનરત્નાશ્રીજી** મ.સા.ની ૩૭મી દીક્ષા તિથિનો સમારોહ સંપન્ન થયો.

णालस्सेण समं सोक्खं, ण विज्जा सह णिद्दया ।
ण वेरग्गं ममत्तेणं, णारंभेण दयालुआ ।।
(निशीथ भाष्य)

આળસની સાથે સુખનો, નિદ્રાની સાથે જ્ઞાનનો, મમતાની સાથે વૈરાગ્યનો અને હિંસાની સાથે દયાનો કોઈ મેળ નથી.

**Printed Matter**

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

To,


**From : Shrutbhavan Research Centre**

**(Initiation of Shrutdeep Research Foundation)**

47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728   Email : shrutbhavan@gmail.com   Website : www.shrutbhavan.org


For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel